Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

88

# ગુજરાતી નવલકથા સાહિત્યમાં નારીવાદ

**Parmar Nareshbhai Danjibhai**

Research Scholar

Department of Gujarati, Monark University,

At & Post Vahelal, Naroda - Dahegam Road,

Ta. Dascroi, Dist.Ahmedabad-382330, Gujarat, India.

Abstract:

આ લેખમાં ગુજરાતી નવલકથા સાહિત્યમાં નારીવાદ એ આંદોલનને કારણે નારીવાદી ગુજરાતી સાહિત્યના વ્યાપક ફલક પર વિસ્તરેલું જોવા મળે છે. એની સાથે તેની દૂરોગામી અસરો પણ પ્રગટાવનારું જોવા મળે છે. તેમ છતાં આપણા ગુજરાતી કથાસાહિત્યે સમાજમાં નારીચેતનાને પ્રજ્વલિત રાખવા પ્રશંસનીય પ્રયત્ન કર્યા છે.

આપણે જાણીએ છીએ કે સાહિત્ય સમાજનું સીધું પ્રતિબિંબ ઝીલે છે. એટલે કોઈપણ સ્થળકાળની સાહિત્ય કૃતિમાં નારીની છબિ જે તે સ્થળ કાળના સામાજિક માળખા પર નિર્ભર રહેવાની. ધર્મ, સંસ્કૃતિ અને સમાજ ત્રણેય પરિબળોએ નારીની છબિ સામાજિક છબિ, નિર્ધારિત કરવામાં મહત્તમ ફાળો આપ્યો છે. એ સર્વ સ્વીકૃત હકીકત છે. હંમેશા

પુરુષોના સંદર્ભે જ ઓળખાતી આવેલી સ્ત્રીની સામાજિક પરિસ્થિતિમાં નારીવાદી આંદોલનોએ આમૂલ પરિવર્તન આણ્યું છે. સ્ત્રીના આ બદલાયેલી છબિને ઝીલવામાં સાહિત્ય કેટલે અંશે સફળ રહ્યું છે ? ભલે, નારી જાગરણ-ઉત્કર્ષની વાત ભારત સહિત વિશ્વના ઘણાં દેશોમાં ચર્ચા-વિચારણાનો વિષય બની ગયો હોય, પરંતુ એક વિચારધારા તરીકે નારીવાદને ઉગવા અંકુરિત થવા જેવી ધરતી અને તેને ખેડવા સક્ષમ વિચારકો તો અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સમાં જ મળ્યાં છે. નારીવાદનો સંબંધ જેટલો સાહિત્ય સાથે રહ્યો છે. એથી શતાધિક માત્રામાં માનવજીવન-સમાજ સાથે રહ્યો છે. માનવ જીવન સમાજ તો સહસ્ત્રાધિક વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે. નારીવાદની ઉદ્ભવની ઘટના ૧૯-૨૦ મી સદીની છે માનવ જીવન સમાજમાં એવું તો શું બન્યું કે સહસ્ત્રાધિક વર્ષો પછી નારીવાદને અવતરવું પડ્યું.

ગુજરાતી સાહિત્ય કે જેમાં નવલકથાનું સ્વરૂપ ખરેખર તો સામાજિક-સાંસ્કૃતિક ઉથલ પાથલો વચ્ચે જન્મ્યું અને વિકસ્યું છે. એના ઉદ્ભવથી માંડીને આજ પર્યંત માનવજીવનના પ્રાણપ્રશ્નો સાથે એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલું રહ્યું છે. જો કે છઠ્ઠા દાયકાના ઉત્તરાર્ધમાં પ્રગટેલા આધુનિકતાવાદી વિચાર વલણોને કારણે એના પરંપરાગત ઢાંચામાં ધરમૂળથી પરિવતન થયું છે. આ પરિવર્તનના એ ભાગરૂપે એમાં કેટલીક નવી વિભાવનાઓ પ્રગટી છે. એમાં અગ્રસ્થાને છે નારીવાદી વિભાવના. નારીવાદી વલણો દાખવતી નવલકથાઓમાં સ્ત્રીજીવનની સમસ્યાઓનું સ્પષ્ટ આલેખન મળે છે. એમાં સ્ત્રીજીવનની લાચારી, દુર્દશા અને અભિશાપિત તથા શૂન્યજીવનની વાસ્તવિકતાના રૂપો

ઝીલાય છે. એટલું જ નહીં, સ્ત્રી જીવનની આ દુર્દશા માટેના જવાબદાર પરિબળોમાં પુરુષોની લોલુપતા, કાયરતા, સ્વાર્થવૃત્તિ તથા આત્મકેન્દ્રિવૃત્તિ ને જ વિશેષ જવાબદાર ઠેરવાય છે. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારની નારીવાદી વલણો પ્રગટાવતી નવલકથાઓનો મોટો ફાલ ઉતર્યો છે, પરંતુ અહીં એવી નવલકથાઓનું વિહંગાવલોકન માત્ર કરાવવાનો આશય છે.

ગુજરાતી સાહિત્યમાં ૧૯૬૦ પછી 'નારીવાદ' પ્રવર્તે છે. ૧૯૬૦ પછી લગભગ વિશ્વના દરેક ખૂણામાં એવી આબોહવા બંધાતી ગઈ, જેમાં સ્ત્રીને કોઈપણ રીતે પુરુષથી ઉતરતી માનવામાં રૂઢ ખ્યાલો તરફ પ્રતિકારનો સૂર પ્રગટ્યો. નારી-જીવનના અનેક વણસ્પર્શયા અનુભવોને અવાજ મળવા લાગ્યો. પુરુષોની સ્ત્રી પ્રત્યેની માનસિકતા અને અભિગમને પડકારવા તેમજ ખુલ્લા પાડવાનું કામ સાહિત્ય કૃતિઓએ કર્યું. સ્ત્રીઓના સ્થાન અને તેની સ્થિતિ વિશે સમાજને વિચારતો કરવાનું કામ સાહિત્યે કર્યું. જેમાં લેખિકાઓની સાથે સાથે લેખકોએ પણ પોતાની ઉમદા ફરજ બજાવી છે. આથી જ નારીના જીવનની વાસ્તવિક વિટંબણાઓને સમાજ સામે સાહિત્ય જ ખોલી આપે છે. કવિતા, નાટક, નવલિકા, નવલકથા જેવાં ગુજરાતી સાહિત્ય સ્વરૂપોમાં 'નારીવાદ'નું આલેખન થતું જોવા મળે છે.

નવલકથાની વાત કરીએ તો કોઈપણ નવલકથા પછી તે સ્ત્રી દ્વારા લખાયેલી હોય કે પુરુષ દ્વારા પણ એમાં સ્ત્રીઓનાં શોષણની, દમનની કે અવહેલનાની વાત આવતી હોય ત્યારે એવી નવલકથામાં નારીવાદ-ફેમિનિઝમનો પ્રભાવ છે. એવું આપણે કહીએ છીએ જો કે નારીની વેદના, વ્યથા તેના માન-અપમાન, અવમાન, તિરસ્કાર સ્વમાન, અહોભાવ ને

વિડંબના જેવા ભાવો આધુનિકકાળમાં જ અસ્તિત્વમાં આવ્યા છે એવું નથી. નવલકથા સર્જનના આરંભથી જ આ ભાવો સાહિત્યમાં પ્રગટતા રહ્યાં છે. આપણી પ્રારંભિક તબક્કાની નવલકથા મહિપતરામ નીલકંઠની 'સાસુ-વહુની લડાઈ' ના કેન્દ્રમાં નારીવેદના અને નારીસંવેદનાનો જ પ્રશ્ન છે. સાસરિયાના ત્રાસ-સીતમ અને મારપીટથી મૃત્યુ પામતી કથાની નાયિકા તત્કાલીન સમાજની કઠોર વાસ્તવિકતાનું નિદર્શન બને છે.

પંડિતયુગમાં ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર'માં નારીવાદી વલણ જુદા દૃષ્ટિકોણથી રજૂ થયેલું જોવા મળે છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી પુરુષ કરતાં સહેજ પણ ઉતરતી નથી એ પણ પુરુષની જેમ સંસાર ત્યજી સન્યાસી જીવન જીવી શકે છે. એ સૂર તીવ્રતાથી રજૂ થયો છે. 'સરસ્વતીચંદ્ર' માં આલેખાયેલ વિવિધરંગી નારીપાત્ર સૃષ્ટિ નારીજીવનના વિવિધ પાસાંને ખોલી આપે છે. ગુણસુંદરીનું પાત્ર આદર્શ પતિવ્રતા ગૃહિણીના ગુણો દર્શાવે છે. કુમુદ સહનશીલ, ક્ષમા, સૌજન્યશીલતાના ગુણોને દિપાવે છે. કુસુમ આધુનિક સમયના એંધાણ આવતું સ્વતંત્રતાથી વર્તનારું નારીપાત્ર છે. ગોવર્ધનરામ કુમુદનાં પુનઃવિવાહ ન કરાવી કાળની પ્રણાલીને અતિક્રમી 'નારીવાદ'ને સ્પર્શી શક્યા નથી. પણ હા એ નોંધવું રહ્યું કે આ સમયે વિદ્રોહના સૂર સાથે 'નારીવાદ'ની હવા સાહિત્યને સ્પર્શી ન્હોતી પરંતુ 'નારીવાદ' જેવી સંજ્ઞાનો જ્યારે ઝાઝો પરિચય નહોતો ત્યારે પણ 'નારીવાદી' દૃષ્ટિકોણથી આપણે ત્યાં સાહિત્ય સર્જાયું અને વંચાયું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

ત્યારબાદ લગભગ મોટાભાગના સર્જકો આદર્શ ગૃહિણીના રમ્યરૂપો જ આલેખે છે. જેના કારણે સમાજમાં સ્ત્રીની ભૂમિકા ઘર, પતિ, બાળકોની આસપાસ જ વણાતી જોવા મળે છે. મુનશીની ઐતિહાસિક અને સામાજિક નવલકથામાં આવતાં મંજરી, મીનળ, શશી, તનમન જેવાં નારીપાત્રોની સ્વતંત્રતા, ખુમારી પોતાના વિવાહ માટે સ્વૈચ્છિક નિર્ણય લેવાની ખેવના આદિ બાબતો આ પાત્રને નારીચેતનાનો પડઘો પાડે છે. મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં સ્ત્રી પુરુષના પ્રતાપે આહ્વાન આપવામાં પોતાનો પ્રતાપ પ્રગટ કરે છે અને પછી પુરુષના પ્રતાપ આગળ પ્રણિપાત કરવામાં કૃતાર્થતા અનુભવે છે. જો કે એ વાત પણ એટલી જ સાચી છે કે મુનશીના નારીપાત્રો સમાજ સામે સ્ત્રીના સ્વતંત્ર વિચારો સાથે આવે છે. પોતાની આગવી બુદ્ધિ અને ખુમારીથી જીવનારા આ નારીપાત્રો છે. ઈશ્વર પેટલીકરની ‘ભવસાગર’ તો સંપૂર્ણપણે નારીકેન્દ્રિત નવલકથા છે. ભવસાગરનો કપરો પ્રવાસ કરતી નિરાધાર, અસહાય નારી સમાજના અન્યાયપૂર્ણ અને દમનકારી વ્યવહારોથી ત્રાસી છેવટે પુત્રી સાથે ડૂબી મરે છે. સમાજ પીડિત નારીની વેદનામય ચીસ એમાં સંભળાય છે.

સિદ્ધહસ્ત સર્જક પન્નાલાલ પટેલની નવલકથા ‘મળેલા જીવ’ બે યુવાન હૈયાની પ્રણયકથા તરીકે પ્રચલિત બની છે. છતાં એમાં પણ સમાજના ચોક્કસ પરિબળોના હાથે ત્રાસ પામતી સ્ત્રી જ બહાર આવી છે. સમાજના રૂઢિગત વ્યવહારો અને ખોખલી પરંપરાઓને કારણે સ્ત્રીની સ્વતંત્રતા એ હદે લાચાર બની જાય કે એ માનસિક સંતુલન ગુમાવી બેસે એ કલ્પના જ ધ્રુજાવી જાય છે.

પ્રયોગશીલ નવલકથાકાર ચંદ્રકાન્તબક્ષીનું નારીચેતનાનું આલેખન તો વૈવિધ્યથી ભરપૂર છે. એમની પ્રથમ નવલકથા 'પડઘા ડૂબી ગયા' અને એ પછીની નવલકથાઓ 'રોમા', 'એકલતાના કિનારા', 'આકાર' અને 'પેરાલિસીસ'માં સ્ત્રીની સાહસવૃત્તિનો પરચો મળે છે. આ સ્ત્રી પાત્રો મુરઝાયેલાં નહીં પણ ધબકતાં લાગે છે. બાલિશ નહીં પણ બળુકા લાગે છે. એ દોરવાતાં નથી, પણ બીજાને દોરે છે એમ કહી શકાય કે નારીચેતનાનો પ્રબળ આવિષ્કાર બક્ષીની નવલકથાઓમાં જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં થોડાં પણ સત્ત્વશીલ સ્ત્રી સર્જકો છે તે તેનું સુભાગ્ય છે અહીં એ બાબતની નોંધ અવશ્ય લેવી જોઈએ કે નારીચેતના અને નારીવાદી વલણો ધરાવતી નવલકથાઓ પુરુષ લેખકો કરતાં સ્ત્રી લેખિકાઓએ જ વધુ આપી છે. ધીરુબેન પટેલ, સરોજ પાઠક, કુન્દનિકા કાપડિયા, ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજા, હિમાંશી શેલત, બિંદુ ભટ્ટ જેવી અનેક લેખિકાઓએ સ્ત્રી સંવેદનાને નારી ચેતનાનાં અનેક પરિમાણોને અતિ તીવ્ર ધારદાર અને સ-ચોટ રીતે રજૂ કર્યાં છે. આ લેખિકાઓ પોતે નારી છે તેથી નારીજગતનાં પ્રશ્નો સમસ્યાઓને ઝીણવટપૂર્વક મૂકી આપે છે. નારી હોવાની નાતે નારી પાસે જવાની એને સમજવાની વધુ તક એમને મળે છે. આથી જ નારીકેન્દ્રી નવલકથાઓ ખાસ્સા સમભાવથી અને પૂરી સંડોવણીથી રચાઈ છે.

નારીવાદી સાહિત્યમાં ધીરુબેન પટેલનું નામ લેખિકાઓની હરોળમાં આગવું સ્થાન ભોગવી રહ્યું છે. માનવમનની વિવિધ ગતિવિધિઓ માનવમનના વિવિધ સ્થિત્યંતરો અને સ્ત્રી-પુરુષના વિવિધ રૂપ-રંગનું વાસ્તવિક રીતે નિરૂપણ કરીને ગુજરાતી નવલકથાની

સમૃદ્ધિમાં યોગદાન આપનાર ધીરુબેન પટેલ સમર્થ લેખિકા છે. એમની નારીકેન્દ્રી નવલકથાઓમાં વિષયોનું અને પરિવેશોનું અપાર વૈવિધ્ય છે. એમની નારીકેન્દ્રી નવલકથા 'શીમળાનાં ફૂલ' નવલકથામાં નારીજીવનની સમસ્યા નિરૂપાઈ છે. રન્ના નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર છે. વીસ વર્ષના દામ્પત્યજીવન પછી પણ સહજીવનમાં સંવાદિતા નથી સ્થપાઈ એવું સતત અનુભવતી અને એકસૂરીલી જિંદગીથી કંટાળી ગયેલી રન્ના છેવટે ગૃહત્યાગ કરે છે. લેખિકાએ વિષય સામગ્રીની માવજત ચોક્કસાઈ પૂર્વક કરી છે. તો એમની 'એક ડાળ મીઠી' દહેજનું દૂષણ અને એનાં દુષ્પરિમાણોને આકારિત કરે છે. એ એમની સીનેમેટોગ્રાફીની ટેકનિકથી લખાયેલી નવલકથા છે. તેમની લઘુનવલ 'આંધળી ગલી' પણ ખૂબ તટસ્થ રહીને નારીવાદી વલણો ચર્ચે છે.

આ ઉપરાંત સ્ત્રી લેખિકાઓમાં આવું જ આદરપાત્ર નામ છે. સરોજ પાઠકનું સ્ત્રી-પુરુષની જાતિ પ્રત્યે પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વિના તેમણે ગુજરાતી ભાષામાં ઉત્તમ નવલકથાઓ આપી છે. એમની 'ટાઈમબોમ્બ' જેવી નવલકથાઓમાં ફેમિનિઝમ-નારીવાદ મુખર રીતે પ્રગટ થાય છે. આ નવલકથામાં છૂટાછેડાની ધાર પર તોળાઈ રહેલ યુગલની દામ્પત્ય વિષયક સમસ્યાઓને નિરૂપે છે. એમાંના વૃંદા અને લવલીના જેવાં પાત્ર નવલકથાના બે અંતિમો છે. બંને પુરુષપ્રધાન સમાજની ભ્રમરવૃત્તિ, શોષણવૃત્તિ, પલાયનવૃત્તિના વિરોધી છે. બંને પાત્રોમાં નારીવાદનો પ્રભાવ જોવા મળે છે. વૃંદાનું વિફરેલી વાઘણ જેવું રૂપ અહીં જોવા મળે છે. એક સ્ત્રી તરીકે એ પુરુષ પ્રધાન સમાજ સામે વિદ્રોહ કરવા માંગતી હોય તેમ પતિ સ્વરૂપને નિમિત્ત બનાવી પુરુષ જાત સામે

આકરા ચાબખા વીંઝે છે. બેવફા પતિ અને પરંપરાગત લગ્ન સંસ્થાને તે પડકારે છે. લવલીનું પણ આવું જ અનોખું પાત્ર છે. જે પુરુષ પ્રધાન સમાજની શોષણનીતિ સામે વિદ્રોહી બની પોતાની રીતેબદલો લે છે.

સંપૂર્ણ નારીવાદી કહી શકાય એવી બે નવલકથાઓ ગુજરાતી સાહિત્યને ૧૯૮૦ પછીના સમયમાં મળે છે. ‘બત્રીસ પૂતળીની વેદના’ અને ‘સાત પગલા આકાશમાં’ ગુજરાતી સાહિત્યમાં નારીવાદના પ્રખર હિમાયતી એવા સિદ્ધહસ્ત લેખિકા કુન્દનિકા કાપડિયા, નારીની ચેતના, સમસ્યા, વેદના સંવેદના જેવા ભાવો તેમની નવલકથામાં બળવત્તર રીતે પ્રગટ્યા. “દુનિયામાં બધા અસમાન છે, પણ સ્ત્રીઓ વધુ અસમાન છે.” આ દૃષ્ટિકોણને કેન્દ્રમાં રાખીને લખાયેલી નવલકથા ‘સાત પગલા આકાશમાં’તેમની યશોદાસ્ત કૃતિ છે. સ્ત્રીઓના સંદર્ભે ગુજરાતી સમાજની સાંપ્રત પરિસ્થિતિની પૃષ્ઠભૂ પર આ નવલકથા લખાઈ છે. લેખિકા કહે છે : “આ માત્ર નવલકથા નથી હજારો સ્ત્રીઓની જીવનકથા છે. જેમ અસ્પૃશ્યોનું શોષણ થયું છે તેમ સ્ત્રીઓનું પણ થયુ છે.” લેખિકાએ આપેલું શીર્ષક નવલકથાના સંદર્ભમાં સૂચક છે. આપણી સંસ્કૃતિમાં સાત પગલાં એટલે સપ્તપદી, લગ્ન, લગ્ન કરીને સ્ત્રી પુરુષ પ્રભુતામાં પગલાં પાડે છે. પરંતુ લેખિકા માને છે કે લગ્ન તો સ્ત્રીના પગમાં ચુસ્ત બેડી પહેરાવે છે. લેખિકાના શબ્દોમાં પરણવું એટલે પ્રતિબંધોના પ્રદેશમાં પગલાં માડવાં. પરણવાની સાથે જ સ્ત્રીને સાંકડી અને કાંટાની વાડમાં કેદ થવું પડે છે. તેમાંથી તે મુક્ત થવા આકાશની દિશામાં પ્રસ્થાન કરે છે. લેખિકાએ આકાશને મુક્તિનું પ્રતીક બનાવ્યું છે. નવલકથામાં લેખિકાએ જેને નાયિકા બનાવી છે તે વસુધા આદર્શ નહીં

પણ સાચી સ્ત્રી બનવા ઈચ્છે છે. જે પુરુષને તે ઓળખતી પણ નહતી એવા પુરુષ સાથે લગ્ન કર્યા પછી તે વિચારે છે 'સ્ત્રી શા માટે લગ્ન કરે છે ? લગ્ન કરીને અમને શું મળે છે ? વસુધા ઘરકામ કરી સામાન્ય ઘરેડિયા જિંદગી જીવે છે પણ કેટલીક એવી ઘટનાઓ ઘટે છે જે તેને ઝંઝોળે છે, જાગૃત કરે છે, તેની સુષુપ્ત ચેતનાને સંકોરે છે. નવલકથા સ્ત્રી-સમસ્યાને કેન્દ્રમાં રાખીને જ લખાયેલી હોઈ એમાં નારીવાદનો સૂર તીવ્રતાથી વ્યક્ત થયો છે. લેખિકા આ નવલકથાના સંદર્ભે લખે છે: "દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન હંમેશા બીજા દરજ્જાનું રહ્યું છે. સ્ત્રીની એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે ગણના થઈ ન હોવાથી તેની સઘળી ઓળખ પુરુષ આધારિત છે. લગ્ન થતાં પુરુષની જીવનવ્યવસ્થા ખાસ બદલાતી નથી. સ્ત્રીનું તો કેટલું બધું બદલાઈ જાય છે." લેખિકા એથી આગળ વધીને કહે છે "દુનિયાના લગભગ બધા જ દેશોમાં, બધા જ ધર્મોમાં બધી જ સંસ્કૃતિઓમાં સ્ત્રીઓનો દરજ્જો સદૈવ બે વેંત નીચો જ રહ્યો છે. લેખિકાના આ શબ્દોમાંથી  સ્પષ્ટ થાય છે કે આ નવલકથા નિશ્ચિત સમસ્યા કે પ્રતિબદ્ધતાને લઈને સર્જાયેલી નવલકથા છે. લેખિકાના ચિત્તમાં કોઈ એક ચોક્કસ મુદ્દો છે. લેખિકા માને છે કે વ્યક્તિને પોતાનું જીવન પોતીકી રીતે જીવવાનો અધિકાર પ્રાપ્ત થવો જોઈએ. નવલકથામાં લેખિકાનો અભિગમ સ્પષ્ટપણે સ્ત્રીઓનો પક્ષપાતી રહ્યો છે જે નવલકથાની લોકપ્રિયતાનું નિમિત્ત છે, તો નવલકથાની સૌથી મોટી મર્યાદા પણ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

નારીવાદ, નારીચેતના જેવા જુવાળોએ સમાજની સાથે સાથે સાહિત્યને પણ નવા માર્ગે વાળ્યું છે. આપણા ગુજરાતી કથાસાહિત્યે સમાજમાં નારીચેતનાને પ્રજ્વલિત રાખવા પ્રશંસનીય પ્રયત્ન કર્યા છે. ટૂંકમાં ગુજરાતી નવલકથામાં નારીવાદ ગુજરાતી સાહિત્યના વ્યાપક ફલક પર વિસ્તરેલું અને દૂરોગામી અસરો પ્રગટાવનારું આંદોલન પુરવાર થયુ છે એમ બેશક કહી શકાય.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભગ્રંથ સૂચિ:-**

ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના-હિમાંશી શેલત, આર.આર.શેઠ પ્રકાશન અમદાવાદ

'શતરૂપા' -સં. શરીફા વીજળીવાળા ગૂર્જર પ્રકાશન, અમદાવાદ

નારીવાદ વિભાવના અને વિમર્શ: સં. ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

શબ્દસૃષ્ટિ-સં. હર્ષદ ત્રિવેદી, વર્ષ : ૨૭, એપ્રિલ-૨૦૧૦ સળંગ અંક-૩૧૯, અંકઃ૪